# સેનાને સફળતા : ૧૦ ત્રાસવાદીઓને ઠાર કર્યા

**મોટા પ્રમાણમાં હથિયારો અને દારૂગોળાનો જથ્થો જપ્ત કરાયો : જુદા જુદા ભાગોમાં સેના અને સલામતિ દળો દ્વારા મોટાપાયે સર્ચ ઓપરેશન : રામપુર સેક્ટરમાં ચાર ત્રાસવાદી ફૂંકાયા : રમજાન પૂર્વે હિંસા ફેલાવવા તૈયારી**




જમ્મુ,તા. ૨૭

એન્ટી ટેરરીસ્ટ ઓપરેશનમાં ભારતીય સેનાએ છેલ્લા ૨૪ કલાકમાં જ ૧૦ ખૂંખાર ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. મોટી માત્રામાં વિસ્ફોટકો અને હથિયારોનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો છે. સેનાએ આજે સવારે આ મુજબની માહિતી આપી હતી. સેનાએ કહ્યું છે કે કાશ્મીરમાં કોઈપણ કિંમતે આતંકવાદી ગતિવિધિને વધારવા માટે પાકિસ્તાન દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા બાદ જવાનો સંપૂર્ણ સક્રિય થઈ ગયા છે અને મોટાપાયે આતંકવાદ વિરોધી ઓપરેશન રાજ્યમાં હાથ ધરવામાં આવ્યા છે જેના પરિણામ સ્વરૂપે શુક્રવાર બાદથી ૧૦ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા છે. પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં આવેલા સ્પોન્સર્ડ એજન્ટો દ્વારા આતંકવાદી ગતિવિધિને વધારવાના હાલમાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રમજાનના પવિત્ર મહિનાની શરૂઆત થાય તે પહેલા જ હુમલા વધારી દેવાની રણનીતિ તૈયાર થઈ રહી છે.

● અનુસંધાન પાન-૫ પર

## ન્યુઝ ટ્રેક

### દિલ્હી-મુંબઈમાં હાઈ એલર્ટ

ઈન્ટેલિજન્સ અધિકારીઓની જાણકારીના આધારે દેશના મેટ્રો શહેરોમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. મુંબઈ-દિલ્હીમાં હાઈએલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. ઈન્ટેલિજન્સ મુજબ ૨૦-૨૧ લોકોનું ગ્રુપ પાકિસ્તાનથી ભારતમાં પ્રવેશ્યુ છે.

### ૧૨૯ કામચોર કર્મીઓને મોદી સરકારે કાઢી મુક્યા

કેન્દ્રિયમંત્રી જિતેન્દ્રસિંહે તાજેતરમાં જ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારે છેલ્લા અમુક મહિનામાં ૧૨૯ સરકારી અધિકારીઓને નોકરીમાંથી છુટા કરી મુક્યા હતા. જેમાં ૩૦ ગ્રેડ 'એ' ઓફિસર અને ૯૯ ગ્રુપ 'બી'ના ઓફિસર હતા.

### નોટબંધીથી ૫ લાખ કરોડનો ફાયદો

તાજેતરમાં જાહેર કરાયેલ એક રિપોર્ટ મુજબ ૮ નિવેમ્બર, ૨૦૧૬ના રોજ પીએમ નરેન્દ્ર મોદી દ્વારા થયેલી નોટબંધીની જાહેરાતથી દેશની અર્થવ્યવસ્થાને લગભગ ૫ લાખ કરોડ રૂપિયાનો ફાયદો થયો છે.

### ટીમ સિલેક્શન કમિટીથી હરભજનસિંહ નારાજ



ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમ ઈંગ્લેન્ડ પહોંચી ચૂકી છે. ઈંગ્લેન્ડ ગયેલી આ ટીમ પર ભારતના ઓફ સ્પિનર હરભજનસિંહે સવાલ ઉભા કર્યા હતા. હરભજનસિંહે ધોનીની પસંદગી પર સવાલ ઉઠાવ્યા હતા.

### અમેરિકન હવાઈ હુમલામાં ૧૦૦થી વધુ ઈરાકી નાગરિકોના મૃત્યુ

અમેરિકન મિલીટ્રી ઈન્વેસ્ટીગેશન તરફથી જણાવવામાં આવ્યું છે કે ગઠબંધન સેનાઓ તરફથી થયેલા એક હુમલામાં ઈરાકના ૧૦૦થી વધુ નાગરિકોનું મૃત્યુ થયા છે. હુમલો ઈરાકના મોસુલ શહેરના પશ્ચિમી ભાગમાં થયો હતો.

# હિઝબુલ મુજાહિદ્દીનના ટોપ કમાન્ડર સબજાર અહેમદ ઠાર

**ખીણમાં વ્યાપક હિંસા : ઈન્ટરનેટ સેવા તરત બંધ કરવાનો નિર્ણય કરાયો : ૫૦થી વધુ જગ્યાઓએ પથ્થરમારાના બનાવથી સ્ફોટક સ્થિતિ : સઘન સુરક્ષા : દુકાનો અને વેપારી પેઢીઓ બંધ**




જમ્મુ, તા. ૨૭

હિઝબુલ મુજાહિદ્દીનના ટોપ કમાન્ડર સબજાર અહેમદને એનકાઉન્ટરમાં મોતને ઘાટ ઉતારી દીધા બાદ ફરીવાર હિંસા ભડકી ઉઠી છે. હિંસક પ્રદર્શન બાદ કાશ્મીરમાં આજે જનજીવન ખોરવાઈ ગયું હતું. દુકાનો અને વેપારી પેઢીઓ બંધ કરી દેવામાં આવી હતી. સુરક્ષા દળો સાથે સંઘર્ષ દરમિયાન અનંતનાગમાં એક વ્યક્તિને ઈજા પણ થઈ હતી. દરમિયાન, પ્રદેશ સરકારે ફરી એકવાર ખીણમાં ઈન્ટરનેટ સેવાને બંધ કરી દેવાનો નિર્ણય કર્યો છે. આજે સવારે સોશિયલ મીડિયા અને મોબાઈલ એપ્સ પર કાશ્મીરમાં મુકવામાં આવેલા પ્રતિબંધને દુર કરવાનો નિર્ણય કરાયો હતો. પુલવામા જિલ્લામાં ત્રાલ વિસ્તારમાં બુરહાન વાનીના ઉત્તરાધિકારી સબજાર અને અન્ય એક ત્રાસવાદીને સુરક્ષા બળોએ આજે ઠાર મારી દીધા હતા. ત્યારબાદ ત્રાલ અને દક્ષિણ કાશ્મીરમાં અંતનાગના ખાનાબલ સહિત આશરે ૫૦ જગ્યા પર પથ્થરમારાની ઘટના બની હતી. અધિકારીઓએ કહ્યું છે કે સુરક્ષા દળો સાથેની અથડામણમાં એક વ્યક્તિને ઈજા પણ થઈ હતી. સમગ્ર ખીણમાં સ્થિતિ તંગ બની ગઈ છે. ભયભિત થયેલા લોકો પોતાના ઘર માટે નિકળી ગયા હતા. કેટલાક રસ્તા ઉપર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. સ્કુલોને ત્રણ કલાક સુધી બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

અત્રે નોંધનિય છે કે થોડાક વર્ષો પહેલા હિજબુલના કમાન્ડર બુરહાન વાનીને મોતને ઘાટ ઉતારી દીધા બાદ આવી જ રીતે હિંસા ભડકી ઉઠી હતી અને ખીણમાં સ્થિતિ વણસી ગઈ હતી. પથ્થરબાજી અને હિંસક પ્રદર્શનનો દોર ઘણા દિવસ સુધી જારી રહ્યા હતો. હવે ફરી એકવાર આ દોર જારી રહે તેમ માનવામાં આવે છે.

# રાહુલને સહારનપુરમાં પ્રવેશતા અટકાવાયા

**સરસાવા ગામમાં પંચાયત યોજી પીડિતોને મળ્યા : રાહુલ ગાંધીની સાથે ગુલામનબી, રાજ બબ્બર પણ હતા શબ્બીરપુર-આસપાસના વિસ્તારોમાં હજુ પણ તંગ સ્થિતિ**

સહારનપુર, તા. ૨૭

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી પોલીસ અને જિલ્લા વહાવટી તંત્રની મંજુરી નહીં મળી હોવા છતાં આજે બપોરે ઉત્તરપ્રદેશના હિંસાગ્રસ્ત સહારનપુર પહોંચ્યા હતા. વહીવટીતંત્રના રોકવા પર રાહુલ હિંસાગ્રસ્ત વિસ્તારમાં પહોંચ્યા ન હતા અને તેઓએ સરસાવા ગામમાં પંચાયત કરીને પીડિતો સાથે મુલાકાત કરી હતી. રાહુલ આશરે અડધા કિલોમીટર ચાલીને સરસાવા ગામ પહોંચ્યા હતા ત્યાં તેઓએ વહીવટી તંત્રના અધિકારીઓ સાથે પણ વાતચીત કરી હતી. રાહુલ શનિવારે સવારે માર્ગ મારફતે હરિયાણા થઈને સહારનપુર માટે નિકળ્યા હતા. તેમની સાથે ગુલામનબી આઝાદ, રાજ બબ્બર, પીએલ પુનિયા જેવા કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ હતા. રવાના થતા પહેલા રાહુલ ગાંધીએ ૧૦,જનપથ જઈને સોનિયા ગાંધીને પણ મળીને વાતચીત કરી હતી. રાહુલ આવવાના છે તેમ સાંભળીને કોંગ્રેસના સ્થાનિક નેતા પણ પહોંચ્યા હતા. સ્થાનિક વહીવટીતંત્રએ સાફ શબ્દોમાં કહ્યું છે કે હિંસાગ્રસ્ત વિસ્તારમાં જવાની કોઈને પણ તક આપવામાં આવશે નહીં કારણ કે સ્થિતિ વધારે વણસી શકે છે. બહુજન સમાજવાદી પાર્ટીના નેતા માયાવતી સહારનપુરના પ્રવાસમાં પહેલાથી જ પહોંચી ચુક્યા છે. સહારનપુરમાં હાલમાં જ એક વ્યક્તિની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. આવી સ્થિતિમાં વહીવટીતંત્ર દ્વારા કોઈ તક લેવામાં



આવી ન હતી. ઉત્તરપ્રદેશમાં આજે પણ સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. જાતિય હિંસા બાદ શબ્બીરપુર અને આસપાસના વિસ્તારોમાં અજંપાભરી શાંતિ પ્રવર્તી રહી છે. શબ્બીરપુર ગામમાં મહારાણા પ્રતાપ શોભાયાત્રા દરમિયાન એક વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. રાજપૂત અને દલિત સમુદાય વચ્ચે હિંસા ભડકી ઉઠી હતી.

# મોદી-નીતિશની વચ્ચે લાંબી ચર્ચા : તર્કવિતર્ક

**બિહારના મુદ્દા પર ચર્ચા થઈ છે : વાતચીતનો કોઈ રાજકીય અર્થ ન કાઢવા નીતિશનું સૂચન : પુરની સમસ્યા અને બિહારને ખાસ દરજ્જાના મુદ્દે ચર્ચા**

નવી દિલ્હી,તા. ૨૭

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી દ્વારા વિપક્ષી નેતાઓની બોલાવવામાં આવેલી બેઠકમાં સામેલ નહીં થયેલા બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર આજે દિલ્હીમાં વડાપ્રધાન મોદીના લંચમાં સામેલ થયા હતા. લંચ બાદ તેઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે અલગથી બેઠક પણ યોજી હતી. રાજકીય વર્તુળોમાં આ મુલાકાતના અનેક અર્થ કાઢવામાં આવી રહ્યા છે. અલબત્ત વડાપ્રધાનને મળ્યા બાદ નીતિશકુમારે કહ્યું હતું કે આમાં રાજનીતિમાં કોઈ અર્થ કાઢવા જોઈએ નહીં. તેમણે ઉમેર્યુ હતું કે તેઓએ વડાપ્રધાન સાથે બિહારમાં પુરની સમસ્યા, ખાસ રાજ્યના દરજ્જા સહિત રાજ્ય સાથે જોડાયેલા વિવિધ પાસાઓ ઉપર ચર્ચા કરી હતી. નીતિશે કહ્યું હતું કે ૧૦ દિવસ બાદ મોનસૂનની શરૂઆત થયા બાદ બિહારને પુરની સમસ્યાનો સામનો કરવો પડશે. તેમણે કહ્યું હતું કે વડાપ્રધાન સમક્ષ પુરની સમસ્યાને દુર કરવા કેન્દ્રિય ટીમને બિહાર મોકલવા માટે અપીલ કરવામાં આવી છે. આ અપીલને પીએમઓ દ્વારા સ્વીકારી



લેવામાં આવી છે. લાલુ પરિવાર પર મુકવામાં આવી રહેલા આક્ષેપો પર નીતિશકુમારે કહ્યું હતું કે તેઓ આક્ષેપ પ્રતિઆક્ષેપ ઉપર હાલમાં કોઈ ટિપ્પણી કરશે નહીં. સોનિયા ગાંધી દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં હાજરી નહીં આપવાના પ્રશ્ને ખુલાસો કરતા નીતિશે કહ્યું હતું કે ૨૦મી એપ્રિલના દિવસે જ તેઓ સોનિયા ગાંધીને મળીને જરૂરી મુદ્દા ઉપર ચર્ચા કરી ચુક્યા છે. હકીકતમાં મોદીએ મોરેશીયસના વડાપ્રધાન જગન્નાથના સન્માનમાં આજે લંચનું આયોજન કર્યું હતું. જેમાં નીતિશકુમારને પણ આમંત્રણ અપાયું હતું. એક દિવસ પહેલા સોનિયા ગાંધીએ પણ વિપક્ષી નેતાઓ સાથે લંચ યોજવાનો નિર્ણય કર્યો હતો. આ બેઠક વિપક્ષની એકતાની દ્રષ્ટીએ મહત્વપૂર્ણ હતી. સોનિયા ગાંધીની બેઠકમાં રાષ્ટ્રપતિ ચૂંટણી પહેલા વિપક્ષના સંયુક્ત ઉમેદવારના મુદ્દા પર ચર્ચા થઈ હતી.

# આજે CBSE ધોરણ-૧૨નું પરિણામ

**પરિણામ જાહેર કરવામાં એક સપ્તાહનો વિલંબ : મોડરેશન પોલિસી મુદ્દે કાનૂની વિવાદને લઇ વિદ્યાર્થીઓમાં પરિણામની ઉત્સુકતા : વેબસાઇટ પર રિઝલ્ટ જાહેર થશે**

અમદાવાદ, તા.૨૭

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન(સીબીએસઇ) દ્વારા માર્ચથી એપ્રિલ મહિના દરમ્યાન લેવાયેલી ધોરણ-૧૨ની પરીક્ષાનું પરિણામ આવતીકાલે રવિવારે જાહેર કરવામાં આવશે. સેન્ટ્રલ બોર્ડ તરફથી સ્કૂલોને આ અંગે સત્તાવાર પરિપત્ર મોકલી રવિવારે પરિણામ જાહેર કરવાની જાહેરાત કરાઇ હતી. જો કે, સીબીએસઇની મોડરેશન પોલિસીને લઇ થયેલા કાનૂની વિવાદ પરિણામ લંબાયુ હતું, જે આખરે હવે આવતીકાલે જાહેર થવાનું હોઇ આ પરિણામ સૌની નજર રહેશે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશનની ધોરણ-૧૨ની પરીક્ષામાં આ વખતે સમગ્ર દેશમાંથી કુલ ૧૦.૯૮ લાખ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સીબીએસઇની મોડરેશન પોલિસીને લઇ કાનૂની વિવાદ થયો હોઇ પરિણામને લઇ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે આતુરતા જોવાઇ રહી હતી. સેન્ટ્રલ બોર્ડ દ્વારા આવતીકાલે બપોરે ૧૨ વાગ્યા પછી વેબસાઇટ પર ધોરણ-૧૨નું પરિણામ જાહેર કરાશે.

ઉલ્લેખનીય છે કે, સીબીએસઇ બોર્ડ દ્વારા તા.૯માર્ચથી ધોરણ-૧૨ જનરલ સ્ટ્રીમ અને સાયન્સ સ્ટ્રીમની પરીક્ષા લેવામાં આવી હતી. મોટાભાગે સીબીએસઇ બોર્ડની પરીક્ષા માર્ચના પ્રારંભમાં શરૂ થઇ જતી હોય છે પરંતુ આ વખતે પરીક્ષા એક સપ્તાહ મોડી શરૂ થઇ હતી.

# જુલાઈના અંતે રજનીકાંત રાજકીય પાર્ટી જાહેર કરશે

બેંગલોર,તા. ૨૭

સુપર સ્ટાર અભિનેતા રજનીકાંત જુલાઈના અંત સુધી રાજકીય પાર્ટીની જાહેરાત કરે તેવી શક્યતા છે. પીઢ અભિનેતાના ભાઈ સત્યનારાયણ રાવ ગાયકવાડ દ્વારા આજે આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. રજનીકાંત રાજકારણમાં એન્ટ્રી કરવા માટે તૈયાર છે.

રજનીકાંતના ભાઈને ટાંકીને એક અગ્રણી અખબારે માહિતી આપતા કહ્યું છે કે લોકોની એવી ઈચ્છા છે કે રજનીકાંત રાજકારણમાં પ્રવેશ કરે. આજ કારણસર પોતાના મિત્રો અને શુભેચ્છકો સાથે પ્રથમ રાઉન્ડની વાતચીત પણ રજનીકાંત દ્વારા કરવામાં આવી ચુકી છે. ગયા સપ્તાહમાં તમિલનાડુમાં રાજકીય પક્ષોએ રજનીકાંતની પહેલનું સ્વાગત કર્યું હતું. યોગ્ય સમયે રજનીકાંત રાજનીતિમાં ઝંપલાવશે તેમ માનવામાં આવે છે. તમિલનાડુમાં જયલલિતાના અવસાન બાદ અન્નાદ્રમુક પાર્ટી નબળી પડી રહી છે.

# દિલ્હીની સમસ્યાઓ ઉકેલવા કેજરીવાલ સક્રિય

**કેજરીવાલનો દિલ્હીની સમસ્યાઓને દુર કરવા માટે નિયમિતપણે બેઠકોનો દોર : કેજરીવાલની ઓફિસથી રોજ આદેશો જારી**

નવી દિલ્હી,તા. ૨૭

દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલ ફરી એકવાર સમગ્ર ધ્યાન દિલ્હી પર કેન્દ્રિત કરી રહ્યા છે. કેજરીવાલ હવે ફરી એકવાર એક્શનમાં દેખાઈ રહ્યા છે. હાલમાં એકપછી એક મોરચે નિષ્ફળતા મળ્યા બાદ અને તેમની પાર્ટીમાંથી પણ તેમની સામે બળવો કરવામાં આવ્યા બાદ કેજરીવાલ ફરી સક્રિય થઇ ગયા છે. પંજાબ અને અન્યત્ર ધ્યાન આપવાના બદલે દિલ્હી પર ધ્યાન આપી રહ્યા છે. છેલ્લા એક સપ્તાહમાં દિલ્હીની સમસ્યાને લઈને જે રીતે બેઠકો થઈ છે અને નિરીક્ષણની કામગીરી હાથ ધરવામાં આવી છે તે જોતા દરરોજ નવા નવા આદેશ જારી કરવામાં આવી રહ્યા છે. એવા હેવાલ પણ આવ્યા છે કે તેમના ત્રણ ચાર દિવસના પંજાબ પ્રવાસની માંગ કરવામાં આવી રહી હતી પરંતુ હવે એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે કેજરીવાલ માત્ર એક દિવસ માટે જ પંજાબ જશે. સાથે સાથે એજ દિવસે સાંજે દિલ્હી પરત ફરશે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના કાર્યક્રમમાં હાજરી આપવા માટે કેજરીવાલ અમૃતસર જઈ રહ્યા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર
(૧) વર્ષમાં પાંચ ઉત્તમ કાર્યક્રમ-ચાર ફિલ્મ સંગીત પર આધારિત અને એક હાસ્ય રસનો કાર્યક્રમ
(૨) શક્ય બને તો વિશેષ એક કાર્યક્રમ આપવાની સંસ્થાની નિષ્ઠાભરી ઈચ્છા. ગત વર્ષે ૭ કાર્યક્રમો અપાયા હતા.
(૩) સર્વને પોષાય તેવી સભ્ય ફી.
(૪) સાત્વિક અને છતાંય રાજી થવાય તેવું મનોરંજન આપતી સંસ્થા.
૨૦૧૭-૧૮ ના વર્ષનું સભ્યપદ મેળવીને આ કાર્યક્રમમાં પણ સામેલ થઈ શકો છો.
'સંસ્કૃતિ' સંસ્થા, ગાંધીનગરના ઉપક્રમે અને સુરીલી સાંજ-રાજેશ વૈશ્નવ-ભાવનગર પ્રસ્તુત હિન્દી સિનેમાના ફિલ્મ 'બાબુલ' થી 'રામ રતન ધન પાયો' સુધીના સદાબહાર સમુહ(Chorus) ગીતોની રજુઆત
'મૌસમ બીતા જાય'
તારીખ: ૧૦મી જુન, ૨૦૧૭, શનિવાર | સમય: રાત્રે ૯-૧૫ | સ્થળ: ટાઉન હોલ, ગાંધીનગર
સૌથી ઓછી સભ્ય ફી કપલ દીઠ રૂા.૧૨૦૦/- (વાર્ષિક) વ્યક્તિગત રૂા.૭૦૦/- (વાર્ષિક)
રાજેશ વૈશ્નવ, હિરેન વૈશ્નવ, હારિત ધોળકિયા, અનિરૂદ્ધ કાપડી, સંગતી મહેતા, ભૂમિ મહેતા, માધુરી વૈશ્નવ, સુરભી પરમાર
સભ્યપદ માટેનાં ફોર્મ મેળવવા તથા ફી સાથે પરત કરવા સંપર્ક :
(૧) શ્રી મેહુલ પટેલ, કેપિટલ ઓફસેટ, ૬૦૩, છઠ્ઠે માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, છઠ્ઠે માળ, ફોન:૨૩૨૪૩૬૨૩
(૨) શ્રી મનોજ જોષી, લિપિ ગ્રાફિક્સ, સ્કાય વ્યુ કોમ્પ્લેક્ષ, ૧૭-૨૨ સ્ટેન્ડ પાસે, સેક્ટર-૨૨ (મો.) ૯૮૨૫૪૪૭૭૩૩
(૩) સેક્ટર-૨ ડો. રાજેશ શાહ (મો.) ૯૯૨૫૦ ૦૮૬૩૦
(૪) નવા સચિવાલય : શ્રી કલ્પેશ ભટ્ટ (મો) ૯૮૨૫૪ ૭૯૦૦૪ શ્રી પરાગ શુક્લ (મો) ૯૯૭૮૪૦૫૯૪૩ શ્રી ગગુભા રાજ (મો.) ૯૮૨૪૦૬૫૦૯૪
(૫) જુના સચિવાલય : શ્રી દિનેશ ચૌહાણ (મો) ૯૯૭૮૪૪૦૧૨૬ શ્રી રસિક લિંબાચિયા (મો) ૯૬૨૪૯૧૯૧૯૭
(૬) વાવોલ : શ્રી મુકેશ મહેતા (મો) ૯૪૨૯૬૮૨૧૬૬ શ્રીમતી પ્રીતિ મહેતા (મો)૭૦૪૮૮૫૫૬૩૭
(૭) ગુજરાત વિદ્યુત બોર્ડ : શ્રીમતી પરમજીત કૌર (મો) ૯૪૨૮૧૫૫૪૩૬
(૮) સેક્ટર-૨૦ સુશ્રી ચેતના બુચ (મો) ૯૮૨૫૯૧૬૦૧૮
(૯) સેક્ટર-૭ શ્રીમતી આરતી ભટ્ટ (મો.) ૯૯૨૫૦૯૭૦૭૮
(૧૦) સેક્ટર-૮ પ્રા. ડો.લીના રાણા (મો.) ૯૪૨૬૦૪૯૦૪૪
આવો... આજે જ સભ્યપદે નોંધાઈને બાવિન્યસભર કાર્યક્રમોનો આનંદ લૂંટો...
મનોજ શુક્લ મંત્રી ૯૮૨૫૯૭૯૫૨૯
રમેશ પટેલ પ્રમુખ ૯૮૨૫૦૩૮૩૭૮ (કેપિટલ ઓફસેટ)
સૌજન્ય : કેપિટલ ઓફસેટ, જી.આઈ.ડી.સી. સેક્ટર-૨૮, ગાંધીનગર.
કેપિટલ ઓફસેટ, ૬૦૩-૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર